# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૨ • તા.૧૭ થી ૨૩ જુન ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# કચ્છના અબડાસા અને હાલાર પંથકમાં બિપરજોય વાવાઝોડાની ભયાનક અસર





# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

## આજનો ધર્મ જાગો અને જાતને સંભાળો

આજે શિક્ષણ મેળવવાના માર્ગ વધયાં છે પણ ધર્મ સંસ્કાર સમજણના દ્વાર બિડાઈ ગયા જેવા છે. સંતાનોને ધર્મ વિષે સમજણ અપાતી નથી. ગુરૂકુળ, ધર્મ, પાઠશાળાનું શિક્ષણ પ્રાપ્ત થતું નથી. કોન્વેટ સ્કૂલમાં અભ્યાસ મેળવતા બાળકો ક્રોસ અને ઈશુ ખ્રિસ્ત પ્રતિ ઢળે છે. સહશિક્ષણનો જમાનો હોવાથી નાટક, ફિલ્મ ક્ષેત્રે મનોરંજનના માર્ગ મોકળા હોવાથી રિઅલ નામ છૂપાવીને રીલ નામ ભળતા પ્રકારનું, ભ્રમિત કરે એવું હોય છે. જેની પાછળ ભોળ પણ વશ બાળકો દોરવાઈ જતા હોય છે અને દીવાના બનતા જાય છે. દરેક ધર્મ પ્રેમ, ક્ષમા, શાંતિ અને બંધુત્વની શીખ આપે છે. અન્ય ધર્મહીન છે નીચ છે એ બોધ આપતો નથી. વટલાળ પ્રવૃત્તિ જેહાદ વૃત્તિ ચલાવતા ધર્મો, ઉશ્કેરણી અને નિંદનીય ભંભેરણી કરી વિસ્તારવાદીને રસ્તે ચાલતા ધર્મથી બચીને ચાલવાનો રસ્તો દરેક સુસંસ્કૃત ધર્મના અનુયાયીઓએ અપનાવવો પડશે.

વિભક્ત પરિવાર, ઉચ્ચ શિક્ષણ અને રોજગાર પ્રવૃત્તિઓમાં રત રહેતા પરિવારોના બાળકો ક્યાં જાય છે, કોને મળે છે એની પૂરેપૂરી ખબર વડીલોને હોતી નથી. શિક્ષણ જ્ઞાન મેળવવાની લાયમાં ધર્મ સંસ્કારથી વંચિત રહેલ સંતાનો સંગાથી મિત્રોના વિચાર આચારમાં સહેલાઈથી ઢળી જાય છે. આગળ વધી જાય છે. જ્યારે વડીલોને થોડી ઘણી જાણકારી મળે છે ત્યારે પાણી વહી ગયું હોય છે. મોબાઈલ, ફેસબુક, વોટસઅપ જેવા ડિજીટલ માધ્યમો કોણ કોના સંપર્કમાં હોય છે તેની જાણ સહેલાઈથી થતી નથી એટલે પરિવાર વડીલોએ સતત જાગૃતતા રાખી. સંતાન ભલે એ પુત્ર હોય કે પુત્રી હોય તેના મિત્ર બનીને તેના માર્ગદર્શક બનીને જાણકારી ધરાવવી જોઈએ.

એ જ રીતે સમાજ-મહાજનનું આજના જમાનામાં ઉતરદાયિત્વ છે કે જ્ઞાતિની યુવા પેઢીનું યોગ્ય માર્ગદર્શન કરે, તેમના વિચારો ધર્મ, સંસ્કાર, સંસ્કૃતિ પ્રત્યે સુદ્દઢ બને એવો માહોલ સર્જે તેમને એક સાથે જોડેલા રાખે અને અન્ય ધર્મ, જાતિ પ્રત્યે આકર્ષાય નહીં. મોટીવેશનલ વક્તાઓના સંભાષણ સેમિનાર દ્વારા તેઓ જ્ઞાતિ ધર્મ પ્રત્યે અતૂટ જોડાયેલા રહે એવા સતત પ્રયત્નો અગાથ પ્રયાસો અવિરત થતાં રહેવા જોઈએ. કઈ રીતે લાલચ, પ્રલોભન, તર્ક દ્વારા વિધર્મીઓ ભોળવીને માઈન્ડચેન્જ કરી કબજો અધિકાર જમાવે છે એનો ખ્યાલ આજની પેઢીને અપાય એ જરૂરી છે આ પ્રયાસો દરેક મહાજન, મંડળ, સંઘ, ધાર્મિક સંગઠન દ્વારા નિયમિતપણે થતા રહે એ આજની જરૂરિયાત છે.

આજની યુવાપેઢી ખાસ કરીને યુવતીઓ અત્યારે ચાલતી વટલાળ પ્રવૃત્તિઓને સમજે અને સચેત થાય એ જરૂરી છે. લવ જેહાદના બનાવોમાં સતત ઉછાળો આવ્યો છે. એવો કપરો સમય આવ્યો છે કે દરેક દિવસ ઉગે તમે ભગવાનનો પાડ માનો કે તમે તમારા ઘરે સલામત છો. એનસીઆરબી નેશનલ ક્રાઈમ રિપોર્ટ બ્યુરો દ્વારા દરેક રાજ્યમાં ગર્લ્સ અને વુમન મિસીંગ થાય છે તેના આંકડા બહાર પાડે છે જે વાંચીને બિહામણું ચિત્ર ઉપસે છે. ધર્મ ભીરૂ, સંસ્કારી હોવાનો લાભ વિધર્મી ઉઠાવે છે એવું ભોળપણ ન રાખો. મહિલા શક્તિને કુદરતે દીવ્ય દ્રષ્ટિ આપી છે. જેથી કોણ વાતોમાં, સ્પર્શ દ્વારા કે શારિરીક અંગ ચેષ્ટાઓ દ્વારા લલચાવે છે. તેની કલ્પના સહેજે આવી જાય છે. પોતાની શક્તિ, ધર્મ, સંસ્કાર ધરાવતી સહેલીઓની સંગત રાખો, પરિવારની ઈજ્જત આબરૂને તમારા વર્તનથી કોઈ પ્રકારનો કલંક ન લાગે એ માટે સતત સચેત રહો. વિધર્મીઓની ચૂંગાલથી બચાવ થાય, તેઓએ પાથરેલ જાળમાં ન ફસાઈ જતાં. પરિવારના વડીલોને તમારા ફ્રેન્ડ સર્કલની માહિતીથી અવગત રાખો. આજનો સમય ખબરદારીનો છે અને દરેક દિવસ કપરા કસોટી કાળ જેવો છે જેમાં આપણી દરેક યુવતી સાંગોપાંગ પાર ઉતરે એ જરૂરી છે.

– જય જ્ઞાતિમૈયા

# પ્રબળ ઈચ્છા અને પુરૂષાર્થ હોવા જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજે માણસ જેની પાસે ધન, પદ અને પ્રતિષ્ઠા હોય તેનાથી જલ્દી અંજાઈ જાય છે. આવા લોકો આપણને અદ્‌ભૂત શક્તિશાળી અને પ્રભાવશાળી લાગે છે. તેઓ આટ આટલું શાનાથી મેળવ્યું છે તેનો તાગ આપણે મેળવી શકતા નથી, જાણી શકતા નથી અને તેમને પુછી પણ શકતા નથી તો પણ તેમના આત્મવિશ્વાસ અને મહેનત જોઈને આપણે અંજાઈ જઈએ છીએ. આપણા જીવનમાં પણ આવી સુયોગ્ય તકો આવતી હોય છે. જેનો આધાર લઈ આપણે આગળ વધી શકીએ છીએ. પ્રગતિના પંથે ચાલી શકીએ છીએ. તો પણ એ યાદ રાખવું જોઈએ કે ધન, પદ, પ્રતિષ્ઠાએ જીવનનો માપદંડ નથી. જીવનમાં એવી બીજી વસ્તુઓ છે જેનાથી માણસ આનંદ અને ખુશી સંતોષથી રહી શકે છે. સૌથી મોટી વસ્તુ તો પ્રેમ, આનંદ અને પારિવારિક સંબંધો છે. આ જો નહી હોય તો બધું નકામું છે. ધન જેમ વધતું જાય છે તેમ તેમ માયા અને લોભના આવરણ હેઠળ માણસ દબાતો જાય છે. ધનની સાથે જો નમ્રતા, વિવેક અને શાણપણ હોય તો આ માણસની સાચી સમૃધ્ધિ છે. જેનાથી માણસ દીપી ઉઠે છે.

માણસ ધારે તો જીવનમાં ઘણું બધું કરી શકે છે. તેને કોઈ વસ્તુ પ્રાપ્ત ન થાય એવું શક્ય નથી. પરંતુ તે માટે ઊંડી શ્રધ્ધા, પ્રબળ ઈચ્છા, શક્તિ અને પુરૂષાર્થ જોઈએ. માણસએ પોતાની શક્તિ અને તાકાતને નજીવી ગણવી જોઈએ નહીં. આત્મશક્તિ અને આત્મવિશ્વાસ કદી નાનો હોતો નથી. તેમાં પ્રચંડ તાકાત રહેલી છે. પરંતુ કેટલીક વખત આપણે આપણી ભીતરની શક્તિને દબાવી દઈએ છીએ અથવા તો તેને ઓળખી શકતા નથી. કારણ કે આપણને આપણા ખુદમાં ભરોસો નથી. આપણો નિશ્ચય અને નિર્ણય ડગી જાય છે એટલે તેનું ધાર્યું પરિણામ ઊભું થતું નથી. મારામાં કૌવત નથી, હું કંઈ કશું કરી શકીશ નહીં એવો દીન ભાવ કદી મનમાં લાવવો જોઈએ નહીં. બહુધા જણ લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે અને પોતાના કરતાં બીજાને ચડિયાતા માનતા હોય છે. આમ પોતાની નજરમાં પોતાની શક્તિ ઓછી આંકીને નબળા સાબિત થાય છે.

સફળતા અને નિષ્ફળતાનો ચક્ર જીવનમાં અવિરત ફરતો રહે છે. માણસ ગમે તેવો બુધ્ધિશાળી અને તાકાતવાન હોય તો પણ બધી બાબતમાં તે સફળ થાય એ શક્ય નથી. નિષ્ફળતાથી ગભરાઈ જવાની જરૂર નથી. જે લોકો પીછેહઠ પછી પણ સતત પ્રયાસો જારી રાખે છે તેમને માટે નિષ્ફળતા સફળતાની સીડી બની જાય છે. દુઃખ અને મુશ્કેલીમાં માણસે હિંમત અને ધૈર્ય રાખવું જરૂરી છે. ભય અને આશંકાને મનમાંથી સદંતર કાઢી નાંખીએ અને નિશ્ચિત કરેલ ધ્યેય તરફ આગળ વધીએ તો કોઈ કામ અશક્ય નથી. જે માણસ ડરતો નથી તે સંજોગો સામે બાથ ભીડી શકે છે. સુખ દુઃખ જીવનમાં આવ્યા કરે છે. રાત પછી દિવસ અને દિવસ પછી રાત એ કુદરતએ સર્જેલો ક્રમ છે જે ક્યારે બદલતો નથી. સમયની સાથે સંજોગો બદલાય છે. ઊંચા સ્વપ્નો સેવનારએ તેને સાકાર કરવા પ્રબળ પુરૂષાર્થ અને હિંમત દાખવી જોઈએ. બાકી ધારેલા બધા સુખો જિંદગીમાં મળવા મુશ્કેલ છે એ લક્ષ્યમાં રાખવું જોઈએ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છના અબડાસા અને હાલાર પંથકમાં બિપરજોય વાવાઝોડાની ભયાનક અસર

## શૂળીનો ઘા સોયથી ટળ્યો : કચ્છના દરિયાઈ પટ્ટીનો ‘બિપોરજોય’ થી આબાદ બચાવ





અતિ વિનાશક એવું ‘બિપોરજોય’ વાવાઝોડું છેવટે ગુજરાત-સૌરાષ્ટ્ર કચ્છના દરિયાકાંઠે ત્રાટકી પછી શમી ગયું. મોસમ વિભાગની આગોતરી સટીક માહિતી, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની સમયસરની ખબરદારી, સજાગતા અને ચાંપતા પગલાના પ્રતાપે માદરે વતન કચ્છ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કોઈ જાનહાનિ ન થઈ અને પાલતુ પશુઓનો આબાદ બચાવ થયો. સૌથી વધુ અસર કચ્છને થઈ છે. ખાસ કરીને આપણી જ્ઞાતિના વિસ્તાર અબડાસા કાંઠાળમાં જખૌ, સુથરી, લાલા, મોટી સિંધોડી, રાપર ગઢવાળી ઈત્યાદિ ગામ વિસ્તારમાં ગુરૂવારની સાંજ પછી ૧૨૦ કિ.મી.ના વેગથી વાવાઝોડાની અસર વર્તાવવાની શરૂઆત થઈ જે મોડી રાતે ૩.૩૦ વાગ્યાના સુમારે તેનો મધ્ય ભાગ ટકરાયો હતો. ગુજરાતમાં છેલ્લા ૩૫ વર્ષમાં આવેલા તમામ સાઈકલોનમાં સૌથી વધારે તાકાતવાન અને વિશાળકાય વિનાશ બિપોરજોય એ ૨૫ વર્ષ અગાઉ કંડલાપોર્ટમાં ૯ જૂન ૧૯૯૮માં ત્રાટકેલ વાવાઝોડાની યાદ અપાવી હતી.



અબડાસામાં વૃક્ષો પડતાં માર્ગો અવરોધાયા




નલિયામાં પેટ્રોલપંપનો શેડ તૂટ્યો



બિટ્ટામાં શેડની છત ઉડી

# કચ્છના અબડાસા અને હાલાર પંથકમાં બિપરજોય વાવાઝોડાની ભયાનક અસર












NDRF નેશનલ ડિઝાયેસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાયસ્ટર રિસ્પોન્સ ફોર્સ એસડીઆરએફની સજાગતા તત્પરતા અને આગોતરી તકેદારીથી સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ ૧ લાખ જેટલા લોકોનું અને ચાર લાખથી વધુ ગાય-ભેંસ બળદ બકરી, ઊંટ-ઘેટાઓનું સ્થળાંતર કરાયું હતું. ૫૫૦ થી વધારે ગર્ભવતી મહિલાઓ જેમની ડિલેવરી સમય નજીક હતો એવી મહિલાઓને માટે શેલ્ટર હોમમાં તકેદારી ભરી વ્યવસ્થા કરાઈ હતી. વાવાઝોડાની અસરથી હજારોની સંખ્યામાં વૃક્ષો, વીજળીના થાંભલા ધૂળ ચાટતા થઈ ગયા હતા અને તુફાની હવા સાથે અબડાસા, લખપતમાં ૩ ઈંચ, અંજાર, ભુજ, ભચાઉ, માંડવીમાં આઠ ઇંચ, મુંદ્રા-ગાંધીધામ નખત્રાણામાં ૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેને કારણે માંડવી, કોઠારા, લાલા, મોટી સિંધોડી, ગામોના તળાવ છલકાઈ ગયા હતા. સમગ્ર રીતે કુદરતની આપદામાં આગોતરી તકેદારી અને માલમતાની નુકસાની સિવાય પશુ સાથે માનવજીવોનો આબાદ બચાવ થયો. આમ શૂળીનો ઘા સોયથી ટળી ગયો એવી લાગણી સૌને થઈ હતી.







# કચ્છના અબડાસા અને હાલાર પંથકમાં બિપરજોય વાવાઝોડાની ભયાનક અસર





સમગ્ર જિલ્લામાં ૧૬૭૦ કાચા અને ૨૭૫ પાકા મકાનો અસરગ્રસ્ત થયા છે. ૩૪૮ મકાનોની ઘરવખરી નુકસાન પામી છે. પતરા, હોર્ડિંગ ઉડવાથી ૮ જણને ઈજા થઈ હતી. સોલાર પાર્ક, વિન્ડ ફાર્મ, બંદર કે જેટીને કોઈ નુકસાની થઈ નથી કે નાના વહાણ કે શીપ બોટ ક્ષતિગ્રસ્ત થયેલ નથી.













# કચ્છ ગુજરાતના વાવાઝોડા સંકટ સમયે અચલગચ્છાધિપતિશ્રીનો ખાસ ઉપદેશક ભલામણ પત્ર



કચ્છ એવમ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડાથી ઊભું થયેલું સંકટ સમયે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ ઉપદેશમય સંદેશો ખાસલખીને તેનો અમલ કરવા ભલામણ પત્ર કરી છે.

તા.૧૩ થી ૧૭ જૂન દરમ્યાન બિપરજોય દરિયાઈ વાવાઝોડું કચ્છમાં આવનાર છે તે દરમ્યાન કોઈપણ પ્રકારના જીવની જાનહાનિ ન થાય. વિશેષ કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે સર્વે સંઘો મહાજનો શ્રાવક-શ્રાવિકાઓ પાંચ દિવસ સુધી જિનાલય ઉપાશ્રય અથવા પોતાના ઘરોમાં એક કલાક સુધી નવકાર-ઉવસગ્ગહરં ૐ નમો દેવ દેવાય.

સ્તોત્રનો પાઠ સળંગ કરવો, ૧૦૮ વાર ૐ હ્રીં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અટ્ટે મટ્ટે દુષ્ટ વિઘટ્ટે નમઃ સ્વાહા અને શ્રી શાંતિનાથજી પ્રભુજીનો જાપ કરવો. ૐ હ્રીં જગત્ શાંતિકરાય શ્રી શાંતિનાથસ્વામિને નમઃ વાત, જલ ઉપદ્રવ શાંતિ કુરૂ કુરૂ સ્વાહા બોલી જલાભિષેક વાક્ષેપપૂજા કરી ગામનગરમાં છંટકાવ કરવો.

પાંચ દિવસ સુધી કચ્છમાં વિચરતા સાધુ સાધ્વીજી ભગવંતો તથા શ્રાવક શ્રાવિકાઓ એ સર્વે વિઘ્નો ઉપશમ થાય, સર્વે જીવોની રક્ષા થાય એ સંકલ્પ કરી જાપ કરવાની ભલામણ સાહેબ દ્વારા કરાઈ છે.

# બિપરજોય વાવાઝોડાની અસરથી વ્યાપક તારાજી







જખૌમાં ૧૨૫ કિ.મી.ની ઝડપે ફૂંકાયો હતો પવન. જ્યારે કંડલા, માંડવી, મુંદ્રા, કોટેશ્વર દરિયા કાંઠામાં ૧૦૦ કિ.મી.ની ઝડપ રહી હતી. ૮ લોકોને ઈજા, ૭૧ પશુઓના મૃત્યુ ૧૯૪૫ ઘરોને નુકસાન ૮૦ હજાર વીજ પોલ ક્ષતિગ્રસ્ત, હજારો વૃક્ષ ભોંય ભેગા થયા. ૩૩ હજાર હેક્ટર ખેતી અસરગ્રસ્ત થઈ. કચ્છને તાત્કાલિક રીતે બેઠું કરવા માટે અન્ય જિલ્લામાંથી અધિકારીઓ ફરજે મૂકાયા છે. જેમાં બે નાયબ ડીડીઓ, ૫ ટીડીઓ), ૪૦ અધિક મદદનીશ ઈજનેર સહિતના અધિકારીઓને ફરજમાં મૂકાયા છે.



અત્યાર સુધી ૬૩ રસ્તા અસરગ્રસ્ત થયેલ છે. વિવિધ રસ્તાઓ ઉપર વૃક્ષો હટાવવાની કામગીરી વિવિધ ૨૫ જેટલી ટીમો કરી રહી છે. સમગ્ર જિલ્લામાં ૮ સબસ્ટેશન ટ્રાન્સમિશન લાઈન ક્ષતિગ્રસ્ત થયેલ છે. ૧૦૩ જેટલા ફીડર ક્ષતિગ્રસ્ત થયેલ છે. જેને પુનઃ કાર્યરત કરવાની કામગીરી પૂરવેગે જારી છે. પીવીજીસીએલ તથા ગેટકોની ૧૨૫ જેટલી ટીમો દ્વારા સમારકામ તથા પૂર્વવત કરવાની કાર્યવાહી ચાલુ છે.

# કચ્છ ઉપર કુદરતી આપદામાં જોવા મળી લોકસેવા પ્રત્યેની પ્રતિબધ્ધતા

જે નાગરિકોના કિંમતી મતથી ચૂંટાઈને લોકપ્રતિનિધિ બન્યા પછી આ જ નાગરિકો જ્યારે આપદામાં સપડાય છે. ત્યારે ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનો વર્તાવ કેવો હોય છે તેના ઉપરથી જ રાજકીય નેતાઓની ભાવના છતી થતી હોય ચે.

નામ માત્ર જેટલું ભણતર પામેલા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાએ ગુરૂવાર મધ્યાન બપોરથી શુક્રવાર સવાર સુધી ખડે પગે જીરો ગ્રાઉન્ડ સતત ઉચક મને રહી લોકોની ફિકરમાં મગ્ન હતાં. ગુરૂવાર બપોરે ૧૨ વાગ્યે તાલુકા મથક નલિયાની મામલતદાર કચેરીમાં હાથમાં માળા  ફેરવતા મારા વિસ્તારના ભાઈઓને પરિવારોને કંઈ ન થાય તેની સતત પ્રાર્થના કરતા હતા. ગામે ગામથી આવતા ચિંતિત નાગરિકોને ફિકર મ કઈજા કહી ટેલિફોન ઉપર સાંત્વના આપી ધરપત આપતા હતા. આખો દિવસ અને આખી રાત આ જ પ્રકારનો તેમનો ક્રમ રહ્યો હતો. બે રાતના ઉજાગરા વચ્ચે પણ તંત્રને તમામ સ્તરે મદદરૂપ થવાનો પ્રયાસ કર્યો હતા. અધિક કલેક્ટર જીલ્લા નાયબ કલેક્ટર રાઠોડ અને મામલતદાર કતિરાને માર્ગદર્શન આપી ક્યાંય કોઈ જરૂર હોય તો કે જો એમ કહીને અધિકારીઓ કર્મચારીઓ માટે ચા પાણીની વ્યવસ્થા કરતા હતા.




અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા વાવાઝોડાની બે રાત વચ્ચે નલિયાની મામલતદાર કચેરીમાં આખી રાત જાગતા રહ્યા ને શુક્રવારે સોફા પર જ લાંબા થઈ ગયા ત્યારનું દ્રશ્ય.

સવારે પાંચ મંદિરોના દર્શ કરીને નલિયા પહોંચ્યા હતા. કોઈ વસ્તુની ખપ પડે તો તાલુકા મહામંત્રી જયદિપ સિંહ જાડેજાને આવા તોફાની વાવાઝોડામાં દોડાવીને મદદનો પ્રયાસ કરતાં હતા. થાકી જતાં કચેરીમાં ૪ સોફા પર લાંબા થઈને થોડી વાર માટે ઊંઘની ઝળકી લઈ લીધી હતી. ૪ વાગે જેવો જખૌ પોર્ટથી મામલત ઘરનો ફોન આવ્યો કે ભયંકર વાયરો ફૂંકાય છે તે વાત સાંભળી સફાળા જાગી ગયાં હતા. સવારે થોડું વાતાવરણ ઠરી ઠામ જેવું લાગતા લોકોના સંપર્ક સાધવા તુરંત ગામડાઓમાં ઉપડી ગયા હતા.



આ જ પ્રકારે જખૌ મરીન પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા અનિલભાઈ જોષી વાવાઝોડાના પગલે લોકોના સ્થળાંતર કામગીરીમાં જોડાયેલા હતા. એ દરમ્યાન એકાએક છાતીમાં દુ:ખાવો ઉપડતાં તેઓને નલિય સી.એચ.સી.ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડૉ.ડી.ડી.ધુલેરાએ તેમને પમ્પિંગ સહિતની તબીબી સારવાર આપી હતી. પરંતુ તે કારણગત નિવડી ન હતી અને નિવૃત્તિના છેલ્લા છ મહિનાનો સમય રહ્યો હતો એ ગાળામાં ફરજ બજાવતા તેઓનું નિધન થતાં સમગ્ર પોલીસ બેડામાં તેમજ જખૌ મરીન પોલીસ સ્ટેશન સ્ટાફમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.



**કચ્છ પર ત્રાટકેલ બિપરજોય વાવાઝોડાનું વિસ્તૃત અહેવાલ આપણા પ્રતિનિધિ, આપણા જ્ઞાતિજન અરવિંદભાઈ લોડાયા અને પ્રબોધભાઈ મુનવર દ્વારા મળેલ છે.**



જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા (વારાપધર)

# AVANI FILMS

**Commercial | Social | Family Events**

PHOTOS & VIDEOS

RATE START ₹5,000/-*

* ડિઝાઇન ચાર્જીસ, વર્ક, પ્લાન, મોડેલ અને સમયને આધારિત રહેશે.

## FOCUS on Life Memories

| | |
|---|---|
| Short Films ✧ | ✧ શોર્ટ ફિલ્મ... |
| Pre-Wedding Shoots ✧ | ✧ પ્રિ-વેડીંગ શુટ... |
| Wedding Shoots ✧ | ✧ વેડીંગ શુટ... |
| Cinematography ✧ | ✧ સીનેમેટોગ્રાફી |
| Everythings in Photography & Videography ✧ | ✧ ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીના દરેક કાર્ય |
| Short Memories from Entire Video ✧ | ✧ સંપૂર્ણ વિડીયોમાંથી મુખ્ય શોર્ટ મેમરીઝ વિડીયો... |
| Documentary Films ✧ | ✧ ડોક્યુમેન્ટરી ફિલ્મ... |
| Sound Editing, Video Editing ✧ | ✧ સાઉન્ડ એડિટીંગ, વિડિયો એડિટીંગ... |
| YouTube Ads ✧ | ✧ યુ-ટયુબ એડ્સ બનાવવા માટે... |
| Project Advertisement Design ✧ | ✧ પ્રોજેક્ટ જાહેરાત બનાવવા માટે... |
| Making Real Pre-Product ✧ | ✧ પ્રિ-પ્રોડક્ટસને બનાવવા માટે... |
| Design Products in 3D Look ✧ | ✧ પ્રોડક્ટસની ૩ડી લુક - ડીઝાઇન્સ માટે... |
| 3D Images for Online Shopping ✧ | ✧ ઓનલાઇન શોપીંગ માટે ૩ડી ઇમેજીસ ડેવલોપીંગ |
| Products Environment for Engineers ✧ | ✧ ઇલેક્ટ્રોનિકસ અને એન્જીનિયર્સ માટે પ્રોડક્ટ એન્વાયર્નમેન્ટ્સ વગેરે જેવા અનેક કાર્ય માટે આજે જ સંપર્ક કરો... |
| many more... ✧ | |

Shop No. 2, Muktai Building, D.N.C. Road,
Opp. Orchids The International School,
Dombivli (E), Dist. Thane - 421 202.

આપના કાર્ય માટે પ્રિ-એપોઇન્ટ અવશ્ય મેળવવી
9833432251

**Jignesh Lodaya** +91 9833432251
avanifilms.21@gmail.com

# સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય
# શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી હંસકુમાર ભવાનજી અરજણની
# જીવન ગાથા જ્ઞાતિમૈયા માં




## આ વિશેષ જીવન ગાથા માટે
## શેઠ શ્રી હંસકુમાર શેઠને
## આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, આદરાંજલિ, સ્મરણાંજલિ તથા આપની સાથેનું સંભારણનું
## શુક્રવાર, તા.૨૩ જૂન ૨૦૨૩ સુધી મોકલો.

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો
## કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-

Kirti Dharmshi - 98440 04445
Jayant Chheda - 93222 57731 • Rajendra Khona - 93222 57191
Manisha Lalka - 98205 45734 • Varsha Lodaya - 98330 72879
Email : gyatimaiya2018@gmail.com

# જ્ઞાતિની ૨૧ વર્ષીય યુવતીનો લવ જેહાદ કેસમાં સુખરૂપ બચાવનો કિસ્સો






મુંબઈ વિસ્તારમાં રહેતી જ્ઞાતિની ૨૧ વર્ષીય યુવતી ઘણા સમયથી પરિવારના સંપર્કથી દૂર હતી. દિલ્હીના નોઈડા વિસ્તારમાં નોકરી કરતી અને પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી હતી. પરિવારને અઘટિત થયાની શંકા થતાં અને સૂત્રો દ્વારા જાણવા મળેલ. તે મુજબ યુ.પી.ના પ્રયાગરાજના ૨૬ વર્ષીય વિધર્મી યુવક એ યુવતીને ભોળવીને તેનું અપહરણ કરવામાં આવ્યું હોવાની જાણકારી મળી એ દરમ્યાન હિજાબ અને બુરખામાં જ્ઞાતિ યુવતીના ફોટો તેની માતાને મોકલ્યો હતો. આને લીધે પરિવારે પોલીસમાં ફરિયાદ કરી તેમજ ભાજપના અગ્રણી નેતા અને ઈશાન્ય મુંબઈના પૂર્વ સાંસદ ડૉ.કિરીટ સોમૈયાની મદદ માંગતા તેમની સતર્કતાથી યુવતીને યુ.પી.માંથી હેમખેમ બચાવીને ઘરે તેના માતા પિતાને સોંપવામાં આવી હતી. પોલીસ દ્વારા આ બાબતે વધુ તપાસ ચાલી રહી છે.

**આ કિસ્સો દરેક માવતરને માટે આંખ ખોલનારો છે અને યુવક હોય કે યુવતી દરેક ઉંમર લાયક સંતાનોની ઉપર ચાંપતી તકેદારી રાખે અને વિજાતીય મૈત્રી સંબંધો બાંધવામાં તકેદારી દાખવે. આપણા ભોળપણનો લાભ અન્યો ન લે એ માટે સજાગતા કેળવવાની ભલામણ કરે. જેથી કોઈ મૈત્રી કે સંબંધનો ગેરલાભ ન લેવા પામે.**




## માવતર નહીં મિત્ર બનો



જસ્મીના જયંત છેડા

આજકાલ બહુ સાંભળવા મળે છે. છોકરીઓનું અપહરણ થાય છે કે કીધા વગર ઘરથી ચાલી જાય છે. આજકાલ પૈસા કમાવવાની રફતારમાં છોકરીઓ એ જ્યાં જાય ત્યાં ચોકસાઈ કરીને જાય અને મા બાપ ભણેલા ન હોય તો એમને તમને ખબર ન પડે એમ કરીને કાઢી ન મૂકે. એમને ઘણા અનુભવ થયા હોય. આજે મોબાઈલથી unknown નંબર પર ઘણા ફોન આવે છે. તો ધ્યાન કરીને ફોન ઉપાડવા. છોકરીઓ ક્યાં પણ ભોળવાઈ ન જાય એટલે મા-બાપએ સાથે રાખીને સલાહ સૂચન લેવું જરૂરી છે. જ્યાં પણ છોકરીઓ જાય તો આજુબાજુ કેવા માણસો છે એ જોવું જરૂરી છે. આજે fb, instagram, Video ક્યાંથી પણ નંબર મળી જાય એનો દૂરઉપયોગ કરી છોકરીઓ ફસાઈ જાય છે. આજકાલ કોરોનામાં નાના બચ્ચાઓ પણ Tab ને Computer માં studies કરતા હતા એટલે નાના નાના ભૂલકાઓ પણ Computer, Mobile ચલાવતા શીખી લીધું છે. બાજુમાં બેઠા હોય તોય ખબર ન પડે એટલે બાળકો સાથે મિત્રતાની જેમ રહેવું જરૂરી છે તો એ તમને બધું કહેશે નહીં તો છુપાવશે.

# લવનો લલચામણો પાશ
# લવજેહાદ



**રાજેન્દ્ર ખોના**

પ્રેમ એ એટલો સુંદર શબ્દ છે કે જેને બોલતાં જ મોઢામાં અમૃતરસની સરવાણીઓ ફૂટવા લાગે. એ શબ્દને આજે લવ જેહાદ શબ્દ એ સાવ અભડાવી નાખ્યો છે, કારણ કે જ્યાં પ્રેમ (લવ) હોય ત્યાં જેહાદ ન હોય અને જ્યાં જેહાદ હોય ત્યાં પ્રેમ ન હોય કારણ કે જેહાદ શબ્દ જ ઉત્પાત અને અરાજકતાનુ પ્રતીક છે. ઈતિહાસ સાક્ષી છે કે જે સુંદર અલંકારો સમર્પણ, સદ્ભાવના, ત્યાગ આ પ્રેમ શબ્દને શણગારે છે તે અલંકારો જ લૂંટાઈ ગયા છે અને તેની જગ્યાએ છેતરપીંડી, મારકાટ અને લુચ્ચાઈ જેવી બાબતો ઘૂસી ગઈ છે.

કેટલાક કામાંધ પુરૂષો અને યુવાનો ફક્ત પોતાની હવસખોરીને સંતોષવા માટે અંજાણ એવી યુવતીઓ અને બાલિકાઓને પોતાના મોહજાળની પાશમાં ફસાવવાનું અને એ દ્વારા સ્ત્રીજાતિનું શારીરિક શોષણ કરી રહ્યા છે. અને કેટલીયે ભોળી ભલી કન્યાઓનું જાણે નિકંદન કાઢવા બેઠા હોય તેમ હત્યાઓ કરી રહ્યા છે. આ વાત સમગ્ર સમાજ તથા રાષ્ટ્ર માટે કલંક સમાન છે. હમણાં હમણાં કોઈ ચોક્કસ જાતિના લોકો કોઈ ચોક્કસ જાતિની કન્યાઓને નિશાન પર લઈ તેમને ભોળવી ફોસ લાવીને તેમની સાથે એક પ્રેમ પ્રકરણની શરૂઆત કરે છે ત્યારબાદ તે કન્યાઓને ઈચ્છાપૂર્વક કે અનિચ્છાએ પોતાની સાથે રાખે છે અને પોતાની હવસ પૂરી થયા બાદ તેનો ત્યાગ કરે છે અને તે કન્યા તેમની વાત માનવામાં આનાકાની કરે તો તેનું કામ તમામ કરી દેવામાં આવે છે.

રોજરોજ અખબારોના પાના ઉપર આ જાતના સમાચારો જોઈ હજારો માણસોના મન વ્યથિત થાય છે. આમાં આપણે શું કરી શકીએ તેવું વિચારીને એ અખબારને રદ્દીમાં ફેંકી દઈએ છીએ. માનવી ધારે તો ઘણું કરી શકે તે માટે આપણે સૌએ આગળ આવી શરૂઆત કરવી જોઈએ અને તેના માટે સૌ પ્રથમ આપણે આપણી ઉણપો શું છે તેનો વિચાર કરી તે અંગે બને તેટલા જરૂરી પગલા ભરીએ.

ભારતમાં જ પ્રાગટ્યને પામેલા જૈન, સનાતન, બૌધ્ધ, શીખ ધર્મના અનુયાયીઓમાંથી ફક્ત શીખ તથા જૈન ધર્મના લોકોને બાદ કરતા અન્ય ધર્મ પાળતા બહુમતી લોકો ન તો પોતાના ધર્મસ્થાનકોમાં નિયમિત જાય છે કે ન પોતાના ધર્મશાસ્ત્રનો વધુ અભ્યાસ કરે છે. ઈ.સ.૧૯૬૦ પછી ધીમે ધીમે અંગ્રેજી શાળામાં પોતાના બાળકોને મોકલવાનો લોભ વધતો ચાલ્યો અને એ રીતે આ બાળકો જરૂરી સમાજશિક્ષણથી વંચિત રહ્યા. વિવિધ ભાષાઓની શાળાઓમાં પ્રથમ કક્ષાથી જ કુટુંબ, પરિવાર, દાદાદાદી, માતાપિતા અને અન્ય સંબંધોની વિસ્તૃત સમજ આપવામાં આવતી હતી. જેથી બાળકોમાં સંપ, પ્રેમ, આદર અને અહોભાવની લાગણીઓ પ્રગટ થતી હતી. જે આજે પણ મારી ૭૦ વર્ષની ઉંમરે મારા મન આચાર અને વિચારોમાં નવ પલ્લતિ છે. જ્યારે અંગ્રેજી માધ્યમના બાળકો આ તમામ બાબતોથી વંચિત રહી જાય છે.

એક જમાનામાં આપણે બહોળા કુટુંબમાં રહેતા હતા. એક નાનકડી ૧૨×૧૨ની રૂમમાં માતાપિતા સાથે બે બે ત્રણ ત્રણ ભાઈઓના પરિવારો સાથે રહેતા હતા અને મોટા ભાગનો મકાનો ચાલી સીસ્ટમવાળા હતા. પ્રત્યેક મકાનોમાં પોતપોતાના સમાજની સાથે લોકો રહેતા હતા. અને ઘરોમાં મોટા પરિવાર હોવાથી ભાગ્યે જ તાળા

# લવનો લલચામણો પાશ–લવજેહાદ

લાગતા હતા તથા ઘરના વડીલોની બાળકો ઉપર સતત નજર રહેતી હતી અને ધીમેધીમે ઉછરીને મોટા થઈને એ બાળકો આગળ જતા પોતપોતાના સંસારમાં ઠરીઠામ થઈ જતા હતા. જ્યારે આજે પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. હવે પરિસ્થિતિ એવી થઈ છે કે ઘરમાં આવતી નવી વહુ પણ જુદું રહેવા મળશે એવી શરતો સાથે લગ્ન કરે છે તેથી પરિવારો વિખરતા ચાલ્યા છે. તેથી કોઈપણ વ્યક્તિ કોઈની આજ્ઞા પાળતી નથી. જે જે ઘરોમાં માતાપિતા બંને કમાવા જતા હોય છે તે ઘરોમાં રહેતા બાળકોનું શું થઈ રહ્યું છે તેની કોઈપણ માહિતી પ્રાપ્ત થતી નથી.

આ સૌમાં જો કોઈએ મોટો દાટ વાળ્યો હોય તો એ છે મોબાઈલ અને તેના વિવિધ એપ્લીકેશનો. એક તો બાળકોનું કાચું મન અને બાલ્યવયથી શ્રીમંતોના બાળકોને મળેલ મોબાઈલ જોઈને જીદે ચડેલા મધ્યમવર્ગના બાળકો પણ આને રવાડે ચઢતા જાય છે. તેઓ શું કરે છે તેની કોઈપણ માહિતી લેવાની ફુરસદ તેમના માતાપિતાને પણ નથી. સમજ વગરના આ બાળકો અજાણતા અવળા માર્ગે ફંટાઈ જાય છે. આને માટે જવાબદાર કોણ?

જ્યારથી પાકિસ્તાન ભારતના હાથે અનેકવાર હાર્યું પછી તેણે સીધા યુધ્ધનો રસ્તો છોડી દીધો છે અને હવે તેણે અનેક મોરચે ગેરીલા યુધ્ધનો આરંભ કરી દીધો છે અને તેમાંનું એક છે આ લવ જેહાદ.

આ લવ જેહારદ માટે ખાસ કરીને ચોક્કસ કોમના જરૂરતમંદ યુવાનોને પૈસા આપીને તૈયાર કરવામાં આવે છે જેમના શરીરનો બાંધો પડછંદ દેખાવ મનમોહક અને વાચાળતા ચતુરાઈભરી હોય તેમની પસંદગી કરવામાં આવે છે. જેથી નબળા મનની બાળાઓને લલચાવીને ફસાવી શકાય. મેં એવું સાંભળ્યું છે કે હિન્દુ ધર્મના વિવિધ વિભાગોની બાળાઓને ફસાવવા માટે લાખોની રકમ આ યુવાનોને પુરસ્કારરૂપે અપાય છે. તેથી આ કામ કરવા માટે એવા યુવાનો તત્કાલ તત્પર થઈ જાય છે. એક તો મફતમાં મસ્તી અને ઉપરથી લાભાલાભ કોને ન લલચાવે.

આ છટકામાં હિન્દુ સમાજની સંસ્કારહીન યુવતીઓ ઝડપથી સપડાય છે. આજે સમાજમાં દેખાદેખી એટલી વધી છે કે જેમાં સાનભાન ઝડપથી ભુલાતા જાય છે અને મોટા ભાગે પોતાની જરૂરિયાત પૂરી ન થતાં જોઈ ગમે તેવા અવિચારી પગલા ભરી બેસે છે અને જ્યારે તેને સમજ પડે ત્યારે તે સંપૂર્ણ ઘેરાઈ ચૂકી હોય છે આ વાત લાલબત્તી સમાન છે અને પ્રત્યેક મા બાપે તથા તે કન્યા પરિવારજનોએ અગાઉથી સાવચેતીના અનેક પ્રયત્નો કરવા જરૂરી છે નહીં તો સમગ્ર સંસ્કારી સમાજ આ દાવાનળમાં હોમાઈ જશે.

હાલમાં જ આપણી જ્ઞાતિની એક બાલિકા આમાં ફસાઈ હતી તેને મહામહેનતે આમાંથી બચાવવામાં સફળતા મળી છે. જે બનાવ જ્ઞાતિ માટે પણ ધડો લેવા જેવી બાબત છે. મારો આ લેખ લખવા પાછળનો ઉદ્દેશ જ્ઞાતિના માતા પિતાઓને સમજ આપવા માટે છે. આજથી ૬૦ વર્ષ પહેલા જન્મેલા બાળકો જે અત્યારે દાદા દાદી બન્યા છે તેમને પુછો કે તેઓ કઈ રીતે ઉછર્યા હતા? ખૂબ જ જૂજ લોકોને બાદ કરતા મોટા ભાગના એમ જણાવશે કે તેમના પરિવારો કેવી તંગ આર્થિક પરિસ્થિતિમાં જીવ્યા હતા. ૧૯મી સદીના અંત ભાગમાં તત્કાલિન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના વડપણ હેઠળ અને ભાઈશ્રી સેમ પિત્રોડાના નિર્દેશન હેઠળ જે સંચારક્રાંતિ સર્જાઈ તેને લીધે અનેકવિધ નોકરીઓ ઉપલબ્ધ થઈ અને આપણા યુવાનો મહિને લાખો કમાતા થયા ત્યારથી પરિવારો સુખ સગવડમાં મહાલતા થયા. સુખ સગવડો વધતી ચાલી પરિવારો તૂટતા ચાલ્યા. અમે અને અમારું એક બાળક એ નીતિ પ્રચલિત થઈ. એકના એક બાળકને કોઈપણ જાતના સંસ્કાર વગર જાણે નવી નવાઈનો જન્મયો હોય એમ ઉછેરવા લાગ્યા અને આ લાડ પ્યારમાં બાળકોનું જીવન સંસ્કાર, પ્રેમ તથા સારા, સાચા અને ખોટા અનુભવ વગરનું ઘડાઈ રહ્યું છે જેમની પાસેથી આપણે ભવિષ્યની શી અપેક્ષાઓ રાખશું? પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપે એજ પ્રાર્થના.

# સમય વર્તે સાવધાન : સમાજ એ પોતાની નવી દિશા લેવી પડશે



રાજેન્દ્ર ખોના

આજનો વિપરીત પ્રવાહ વહેતો વહેતો આપણી જ્ઞાતિ સુધી પહોંચી ગયો છે. હાલમાં જ ઉજાગરમાં આવેલ બનાવ જ્ઞાતિ માટે આંચકાજનક, આઘાત ભર્યો છે. એટલે સમય પ્રમાણે જ્ઞાતિ સમાજ, મહાજન સંઘ કે મંડળોએ હવે યુવા પેઢીમાં જાગૃતિ આવે, સમયના વર્તાવની સમજ આવે એ માટે જાગૃતિ સેમિનાર, સંપર્ક અભિયાન નવેસરથી આયોજન કરવા જરૂરી છે. જ્ઞાતિના સંસ્કાર, સંસ્કૃતિને લૂણો ન લાગે એ જોવાની ફરજ સમાજના આગેવાનોએ બજાવવી પડશે. ખેલ, રમત ગમત, સ્નેહમિલન પરિચય મેળાવડાને પ્રોત્સાહન આપવાની સાથોસાથ આજે આપણું યુવાધન ખાસ કરીને બહેનો દીકરીઓના ભોળ પણનો લાભ વિધર્મીઓને ન લે એની જાગૃતિ દાખવી પડશે. યુવકો ગેર માર્ગે ન દોરાય, હીન કામોના હાથા ન બને એ કેળવણી આપવી પડશે તો બહેન, દીકરીઓ, યુવતીઓ કોઈના પ્રેમ, મોહજાળમાં ન ફસાય. બનાવટી આંચળો ઓઢી સુવર્ણમૃગનો વેશ ધરી કોઈ ધર્માંધ યુવક જ્ઞાતિની દીકરીને ન ફસાવે એ માટે સતત સમજણ, કેળવણી સમાજ સંસ્થાઓએ સંગઠિત રહીને નાના મોટા ગામોમાં આપવી પડશે અને એ પ્રકારના તાકીદે પગલા લેવા જોઈએ. સતત આજના યુવાધનના સંપર્કમાં રહેવું જરૂરી છે. જેથી જ્ઞાતિના સંસ્કાર, ગૌરવ સચવાય, સંભાળાય અને હેમખેમ જળવાય.

# પરિવારના વડીલો સંતાનોના માલિક નહીં મિત્ર બનો



રાજેન્દ્ર ખોના

ચોતરફ અઘટિત બનાવ બનવાની હોડ લાગી છે. ધર્મ સંસ્કૃતિને બટ્ટો લાગે એવા પ્રસંગો ઉજાગર થાય છે. સંતાનો શિક્ષણ મેળવે છે પણ સંસ્કાર, સભ્યતા, સંસ્કૃતિની જાળવણી પ્રત્યે બેદરકાર બને છે. એ દરેક માબાપ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. રોજગાર રળવામાં એટલા ઓતપ્રોત ન બની જઈએ કે સંતાનો પરિવારના સંપર્કની બહાર ચાલ્યા જાય. માતા પરિવારની દેખરેખ પછીના ફાજલ સમયમાં કીટ્ટી પાર્ટી, મહિલા મંડળ, સખી, જેડલ ગ્રુપમાં જવા કરવાની સાથોસાથ યુવા સંતાનોની દેખરેખ, જાણકારી રાખે. ટીવી, મોબાઈલ, ફિલ્મ અને સીરીયલોની જંજાળમાં લપેટતા ક્યાં પરિવાર ઉપર સીરિયલ ન બને એની ખાસ તકેદારી રાખો. યુવા સંતાનોને અંકુશમાં રાખવા કરતાં સ્નેહ સમજણ અને મિત્ર વર્તાવથી તેનું મન ખંખેરો. આખા દિવસ દરમ્યાન ઘર બહારની તેમના પ્રવૃત્તિઓ વિશે જાણકારી રાખો. અધિકારનો આગ્રહ ન રાખી અનુરાગથી તેઓ તમારી નિકટ રહે એ એવા સંબંધો તેમને બહાર જવા લલચાવશે નહીં. સમય-સંજોગો ઓળખી પાણી પહેલા પાળ બાંધવાની ફરજ સૌ પરિવાર વડીલો નિભાવે.

# યુવાધન ખાસ કરીને યુવતીઓ પ્રેમ જાળની ફસવણુકમાં ફસવાથી બચે



રાજેન્દ્ર ખોના

આજનો જમાનો શિક્ષણનો છે. સહશિક્ષણની પધ્ધતિના ફાયદા છે તેટલા ગેરલાભ છે. સોશિયલ મીડિયાને લીધે સંપર્ક કરવો આસાન થઈ ગયો છે. દિવસ રાત ક્યારેય પણ ઉંમરની અસર થવી સહજ છે. પણ એવાં આપણા સંસ્કાર, ન ભૂલાય એ પણ જરૂરી છે. પ્રેમ જાળનો જાસો આપી ફસવણુક કરવાના કિસ્સા રોજે રોજ સામે આવે છે. અજ્ઞાત યુવક, ઓળખ, નામ, જાતિ છૂપાવી સંપર્ક વધારે, ફસાવે અને જ્યારે ટર્ન લેવાનો ચાન્સ ન રહે એવા સંજોગો ન સર્જાય તેની જાગૃતિ કેળવો ધર્મ વટલાવની પ્રવૃત્તિ આજે અમુક વિધર્મીઓ માટે ધંધાકીય પ્રવૃત્તિ બની ગઈ છે. ફિલ્મ, સીરિયલોનું અનુકરણ કરતાં તેમાંથી મળતો બોધ ગ્રહણ કરવું જોઈએ. પરિવારના સતત નેટવર્કમાં રહેવાય, સંપર્ક જળવાઈ રહે એ એક પ્રકારની સુરક્ષા છે, સલામતી વર્તુળ છે. મોર્ડન આચાર વિચાર જરૂર રાખવા પણ મર્યાદાના વર્તુળ બહાર ન જવાય એ જાગૃતિ પણ જરૂરી છે. લવ જેહાદમાં ફસાયેલ યુવતીઓની શું હાલત થાય છે એ નજર સમક્ષ રાખી આનો રેલો પોતાના પગે ન આવે એટલી સમજણ, જાગૃતિ ધરાવો એ આજના સમયની માંગ છે.

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

VIDHYARTHI SANGH

## MEMBERSHIP

2023 - 2025

Enjoy 2 years of Vidhyarthi Sangh Membership
which leads to many offers, discounts and facilities
to all those who avail it.

**Get it by paying ₹ 100/-**

& experience benefits of ten times.

**Be a lifetime Gold Member by Paying ₹ 5,001/- once**

Take/renew Your Membership From Your Nearest Centers Now

**Dombivli**
Tejasvi Maisheri +91 95943 28385
Khushi Lodaya +91 81692 07252

**Thane**
Tuhin Gosar +91 82913 92024
Bhavin Lapasiya +91 88884 48553

**Mulund**
Prachi Mota +91 81043 23597
Krisha Khona +91 82914 24256

**Bhandup**
Jimit Momaya +91 97738 01208
Yash Lodaya +91 93241 53044

**Kanjurmarg**
Labdhi Lodaya +91 84220 37604
Keval Momaya +91 98191 59847

**Ghatkopar**
Sania Meisheri +91 83697 71584
Leenaben Lodaya +91 86521 55585

**Wadala / Masjid**
Ronil Maisheri +91 98691 84725
Chirag Lodaya +91 96198 76560

**Navi Mumbai**
Khushali Dharamshi +91 93248 86453
Ronak Vikamshi +91 93727 88841

**Western**
Priyal Maisheri +91 90049 00225
Sahil Kuruva +91 76668 02804

Follow us on #SHREEKDOVS

# દેવલાલી



## દેવની લાલી જેવા નૈસર્ગિક વાતાવરણમાં

## દેરાસર તથા ભોજનશાળાની બાજુમાં

**૧૦૨૫ એરીયા, બે બેડરૂમના ફ્લેટો,**

**અન્ડર કન્સ્ટ્રકશન**

**અનંત આરોગ્યનિધીની બાજુમાં**

**ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર**

**બુકીંગ માટે સંપર્ક**

# આશાપુરા એસ્ટેટ

**કન્સલટન્ટ - પરેશ રાયચંદ શામજી ધરમશી (સુથરી)**

**મહારેરા રજીસ્ટર બ્રોકર - દેવલાલી**

**99 30 80 39 59 / 99 30 10 60 54**

**નોંધ : જૈન પરિવારો માટે = 0% બ્રોકરેજ (No Brokerage)**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા ચૈત્ય પરિપાટીનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા તા.૧૪ સપ્ટેમ્બર ગુરૂવારથી તા.૧૮ સપ્ટેમ્બર સોમવાર સુધીના ચૈત્ય પરિપાટીનું આયોજન કરાયું છે.

અચલગચ્છાધિષ્ઠિયકા શ્રી મહાકાલી માતાજીના દર્શન વંદન પ.પૂ.અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તથા આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ને સાંવત્સરિક ક્ષમાપના ગુરૂવંદના, વડોદરા પાવાગઢ, મણિલક્ષ્મી તીર્થ ચૂલી, શંખેશ્વરની યાત્રા માટે રૂા.૧ હજાર નોન રીફંડબેલ કાર્યાલયમાં ભરી આપના નામ આજે જ નોંધવવો. નામ નોંધવવાની છેલ્લી તા.૨૦ જૂન ૨૦૨૩. વિશેષ વિગત માટે સંપર્ક યોગેશ કુરૂવા-૮૮૭૯૩૨૪૦૦૫.

યાત્રિકની નીચે મુજબની વિગત હોવી આવશ્યક રહેશે. નામ, ઉંમર, જાતિ, મૂળ ગામ, હાલે વસવાટ સંપર્ક નંબર, એલ.એફ.નંબર અને લાગા ભરપાઈ કરેલ છે કે નહીં?

બેંક વિગત A/c Name Shri Kutchi Dasha Oswal Jain Gnati Mahajan Mumbai, Bank Name : Bak of India, Mandvi Branch. A/c No.003210110001513 IFSC : BKID0000032

# પ્રાચી એક્ષસપોર્ટસ તિરૂપુર દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરાયું





પ્રાચી એક્ષ્પોર્ટસ તિરૂપુર દ્વારા પોતાની CSR કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી પ્રોગ્રામ અંતર્ગત રોટરી ક્લબના સંગાથે તા.૧૪ જૂન બુધવારના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું હતું. જેમાં ૩૭ યુનિટ રક્ત એકત્ર થયું હતું.

પ્રાચી એક્ષ્પોર્ટના SMR સતિશ હંસરાજ નાગડા-પરજાઉ-તિરૂપુર એ રોટરી પ્રમુખ અને ઈતર સભ્યોની ઉપસ્થિતિમાં શિબિરનું ઉદ્ઘાટન કર્યું હતું. તમામ રક્તદાતાઓને પ્રમાણ પત્ર આપી સન્માનિત કરાયા હતા.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની કેસ નં.૧૦૭ માટે રૂા.૩૨૫૦૦ની જરૂરિયાત માટેની ટહેલ

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 107

## DONATION NEEDED!

### Mr HIRACHANDBHAI LODAYA

Age: 58 Yrs. Kothara, Ambernath

**Diagnosed with Ischaemic Heart Disease,
H/o CABG .Got admitted due to Severe breathlessness,
Bil Pedal Oedema and Chest heaviness.**




**DONATION REQUIRED**

**Rs.32,500**

**Bank Details:**
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

૫૮ વર્ષીય હીરાચંદ પદમશી લોડાયા, કોઠારા-અંબરનાથ પત્ની અને પુત્ર સાથે રહે છે. હૃદયની સમસ્યાને કારણે તેઓ કેટલાક વર્ષોથી નોકરી ધંધા પર જતાં નથી. પત્નીની પણ બે ત્રણ માસથી નોકરી છૂટી ગઈ છે. એક માત્ર પુત્ર પ્લાન્ટ ઓપરેટર તરીકે એક્વાટિક એન્ટરપ્રાઈઝેસ સાધારણ પગારમાં નોકરી કરે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી મેડિક્લેમનો સપોર્ટ.

હીરાચંદ લોડાયાને છાતીમાં ભારેપણું, શ્વાસ લેવામાં તકલીફ બિલ પડેલ એડીમાના લક્ષણો સાથે હોસ્પિટલમાં દાખલ કરાયા છે અને ઈસ્કેમિક હૃદયરોગનું નિદાન થયું છે. જેની સારવારનો ખર્ચ રૂા.૩૨,૫૦૦નો અંદાજ અપાયો છે.

સાધારણ પરિસ્થિતિનો પરિવાર આજે વિકટ સંજોગોમાં સપડાઈ ગયો છે. તેમને સહારો આપી સહાયરૂપ થવી આપણી પવિત્ર માનવીય ફરજ છે. જે રખે ચૂકાય નહીં. દયાએ કરૂણા, ઉદારતા અને માનવ સેવા સાથે જોડાયેલી છે. જે દ્વારા અન્ય લોકોના જીવનને બહેતર બનાવી શકીએ છીએ. આજ દિવસ લગીના દરેક સંજીવની અરજીના ૧૦૬ કેસ સરળતાપૂર્વક અને સહજતાથી ઉકેલાઈ ગયા છે. ત્યારે એ વિશ્વાસ છે કે આ કેસ પણ ચપટી વગાડતા ઝડપે બંધ કરી શકીશું. દાતાએ ૮૦ જી અંતર્ગત કર લાભ લેવા પૅનકાર્ડ અને આધારકાર્ડની ઝેરોક્સ નકલ સબમિટ કરવી જરૂરી.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન મુંબઈ અને અનંત નાથ ટ્રસ્ટ દ્વારા આયોજીત ગિરનાર-પાલીતાણા ૯૯ યાત્રા ના તપસ્વીઓની અનુમોદના અર્થે સમૂહ સાંજીના ફોટાઓની ઝલક















જૈન તીર્થોના ભક્તિસભર યાત્રા પ્રવાસ ક્ષેત્રે ગુંજતુ ને ગાંજતું નામ

# 'સાવલા N લોડાયા' ટુર

## પર્યુષણ, દિવાળી પહેલા /પછીના અમારા યાત્રા પ્રવાસો

### શીખરજી મહાયાત્રા

સમ્મેતશીખરજી, ઋજુવાલીકા,
કાકંદી, રાજગૃહી,પાવાપુરી, ભદ્રીલપુર,
મીથીલા, ભેલુપુર, ભદૈની, સિંહપુરી,
ચંદ્રપુરી, વારાણસી,

દિવસ : 10,11,12,13,14,15

### ઉત્તરપ્રદેશની "66" કલ્યાણક ભૂમિ યાત્રા

વારાણસી, કૌશાંબી, પુરીમતાલ,
અયોધ્યા, રત્નપુરી, શ્રાવસ્તી,
કંપીલા, હસ્તિનાપુર, શૌર્યપુરી,
અહીંછત્રા, મથુરા

દિવસ : 11

### પ્રાણ પ્યારા 108 પાર્શ્વ પ્રભુના તીર્થોની યાત્રા

ભારતભરના વિવિધ તીર્થોમાં
પ્રભુ પાર્શ્વના ૧૦૮ તીર્થોની
સ્પર્શનાનો સુવર્ણ અવસર....
અલગ, અલગ રૂટોમાં
આઠ મહિનામાં પૂર્ણ યાત્રા....

### તારક તીર્થંકરોની ૧૧૯ કલ્યાણક ભૂમિઓની યાત્રા...

પાવન ભૂમિ, પાવન ઉર્જા,
પાવન ઓરા હજી જ્યાં અનુભવાય છે.
એ ભૂમિઓની સ્પર્શનાનો લાભ.

1995 થી યાત્રા પ્રવાસક્ષેત્રે
હૃદયસ્પર્શી ભકિત અને શ્રેષ્ઠ વ્યવસ્થાથી
હજારો યાત્રિકોના હૃદયમાં સ્થાન
પ્રાપ્ત કરનાર સદૈવ આપની સેવામાં

જૈન તીર્થોના યાત્રા પ્રવાસ તો
માત્ર શ્રેષ્ઠ યાત્રા ટુરના સથવારે
વિધિ સહિત - તીર્થોનો
ઐતિહાસિક મહત્ત્વ જાણી
સમજણ સાથેની યાત્રા...

# SAVLA N LODAYA TOUR

# 98205 65261 / 70214 38593

BINITA MARU - 9869034162

# અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીનો ૯૯ યાત્રા આરાધક બાળક-બાળિકાઓ જોગ સંદેશ

શ્રી ગોડીજી પાર્શ્વ તીર્થ દેવપુર કચ્છ ખાતેથી તા.૧૦ જૂન શનિવારના રોજ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ શત્રુંજ્ય મહાતીર્થ ગિરનારજી મહાતીર્થ ૯૯ યાત્રાના આરાધક બાળક અને બાલિકાઓ જોગ સંદેશો પાઠવ્યો છે કે મહાપુણ્યોદયે નાની ઉંમરમાં શાશ્વતા મહાતીર્થની ૯૯ યાત્રા કરવાનો લાભ મળી ગયો. તમો સૌ એ ખૂબજ ઉત્સાહ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક યાત્રા કરી ધન્ય બન્યા છો. કર્મોથી હળવા થયા છો. આ યાત્રાના સંસ્કારો આપણા જીવનમાં કાયમી સંભારણા સ્વરૂપ બની રહે તે ખાસ ભલામણ છે.

૯૯ યાત્રાના નિશ્રા દાતા ગણીવર્ય સાધુ સાધ્વીજીના પુરૂષાર્થને ધન્યવાદ સહ સાતા પુચ્છા. તમારા સૌના માતા પિતા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન ૯૯ યાત્રા કરવા તમોને પ્રોત્સાહન આપી મોકલ્યા તે બદલ.

૯૯ યાત્રાના આયોજન કાર્યકર્તાની ભૂરી ભૂરી અનુમોદના સહસુંદર આયોજન માટે ધન્યવાદ. ૯૯ યાત્રા નિમિત્ત યથાસ્થાને ભાવયાત્રા મહાપૂજનાદિ આયોજન માટે મંગલ આશીર્વાદ આયોજન સુંદર રીતે થાય શુભ કામનાઓ. ખાસ ભલામણ કે સાધર્મિક ભક્તિમાં રાત્રિભોજન અને અપક્ષ ન થાય તે લક્ષ રાખવો.

MIMP : હવે ચાતુર્માસ દરમ્યાન દર શનિવાર-રવિવારે શિબિર તથા દિવાળી વેકેશનમાં ૮-૫ દિવસની શિબિર દરેક સંઘો મહાજનોમાં યોજાય તે રીતે ચાતુર્માસ બિરાજમાન પદસ્થ સાધુ-સાધ્વીજી સહ સંઘો મહાજનોને ખાસ ભલામણ.

- હ. આચાર્ય કલાપ્રભસાગરસૂરિના સકલ સંઘને ધર્મ લાભ

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**મહેન્દ્ર નાગડા**
તા.૧૩ જૂન (ઉ.૭૮)
નલીયા-જલગામ



**ભાવીન નાગડા**
તા.૧૩ જૂન (ઉ.૩૫)
બાયઠ-ગુરગાંવ



**જયવંતી બોરીચા**
તા.૧૪ જૂન (ઉ.૭૯)
બાયઠ-જલગામ



**નવિન મૈશેરી**
તા.૧૫ જૂન (ઉ.૭૫)
માંડવી-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● મૂળ માંડવીના અને હાલે મસ્કત વસતા પંદર વર્ષીય સૌમ્ય ભાવિન સંપટ ઓમાન ક્રિકેટ ટીમ અંડર ૧૬મા ઓલ રાઉન્ડર તરીકે પસંદગી પામ્યો છે. સૌમ્યના પિતા પણ એક સારા ક્રિકેટર અને વોલીબોલ ખેલાડી છે. સૌમ્ય ઈન્ડિયન સ્કૂલવાદી કબીર મસ્કત ઓમાનની ક્રિકેટ એકેડેમીમાં જોડાઈને પ્રોફેશનલ ક્રિકેટનું કોચિંગ લઈ સખત મહેનતથી ઓલ રાઉન્ડર કારકિર્દી આગળ વધારી રહ્યો છે. હાલમાં મસ્કતમાં રમાયેલ અંડર ૧૯ સ્થાનિક સ્કૂલ્સ ટૂર્નામેન્ટમાં ભાગ લઈને શ્રેષ્ઠ બોલર તરીકે પોતાનું નામ દર્જ કરાવ્યું હતું અને ટૂર્નામેન્ટની એક મેચ જે પાકિસ્તાનની સ્કૂલ સામે રમાઈ હતી તેમાં ૮ વિકેટ લઈ તરખાટ મચાવ્યો હતો. દુબઈમાં યોજાયેલી અંડર ૧૬ ચેલેન્જર કપમાં ઓમાન ક્રિકેટ અંડર ૧૬ વતીથી ભાગ લઈને પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં પદાર્પણ કર્યું છે.

● મહારાષ્ટ્રના ગોંદિયાના બીરસી એરપોર્ટ ખાતેથી ૨૦ વર્ષીય મૂળ ગાંધીધામની તાલીમ પાઈલટ વૃષિકા ચંદનભાઈ માહેશ્વરી તેમના ઈન્સ્ટ્રક્ટર સાથે વિમાનમાં ઉડાન ભરી હતી. જે કોઈ કારણોસર મધ્યપ્રદેશના બાલાઘાટના ભક્કુટોલા કિરણાપુર હિલ પાસે તેમનું વિમાન ક્રેશ થયું હતું. તેણી છેલ્લાં દોઢ વર્ષથી તાલીમ લઈ રહ્યાં હતા. તેમણે દહેરાદૂન સેન્ટરથી તાલીમનો પ્રારંભ કર્યો હતો. હાલ લખનૌ સેન્ટરમાંથી તાલીમાર્થી હતા.

● ભૂકંપ બાદ સાંસ્કૃતિક વારસો ધરાવતા તેરા ગામને હેરિટેજ વિલેજ જાહેર કરાયું. અત્રેના પુરાત્વીય સ્થળોનું જતન માટે રૂા. છ કરોડનો અંદાજ ખર્ચ થશે એવું જાહેર થયું. પણ નજીવી રકમ એટલે કે રૂા.પર લાખ ખર્ચાયા છે જે કામો પણ અર્થહીન બન્યા છે. કારણ કે હાલે આ પ્રોજેક્ટ અધવચ્ચે છોડી દેવાયેલ છે. જે પુનઃકાર્યરત થાય એવી ગ્રામજનોની માંગણી છે. હેરિટેજ વિલેજનું કામ અમદાવાદની સ્ટુડિયો નામની એનજીઓને સોંપાયું હતું. જેમાં અમુક જ કામો કરાયાં હતાં પણ કામો થયાં પછી રખેવાળી કોઈને નહીં સોંપાતા પુરાતત્વીય સ્થળો હવે બિસમાર બની રહ્યાં છે.

● મુંદરાના અદાણી પોર્ટએ ૨૪ કલાકમાં ૪૦ જહાજો હેન્ડલ કરીને પોતાનો અગાઉનો ૩૯ જહાજ હેન્ડલ કરવાનો વિક્રમ તોડ્યો. ભારતના સૌથી વ્યસ્ત બંદરોમાં ગણાતા આ બંદરે પોતાની કાર્યક્ષમતા અને વિશાળ જથ્થાની હેરફેરની ક્ષમતા આ નવા વિક્રમથી સિધ્ધ કરી છે. અદાણી બંદરના વ્યવસ્થા તંત્રે આ સિધ્ધિ માટે ટીમની મહેનત અને સમર્પણને શ્રેય આપ્યું હતું.

● પાટનગર ભુજના રેલવે સ્ટેશનને આધુનિકતાની સાથે પ્રવાસીઓને વધુ સુવિધા સાથે પુનઃ નિર્માણની કામગીરી આદરાઈ છે. આ કામગીરી થકી જિલ્લા મથકને નવા રેલવે સ્ટેશનની ભેટ મળશે. સ્ટેશનની ડિઝાઈનને ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેશન સાથે સ્માર્ટ સ્ટેશન રૂપે પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે અને પ્રવાસીઓને એક સુખદ વાતાવરણ પ્રદાન કરવામાં આવશે. પ્રવાસીઓને સ્ટેશનના ભાવિ વિકાસની જાણકારી મળે તે હેતુથી ભાવિ સ્ટેશનના લઘુ મોડેલને રેલવે સ્ટેશન ખાતે પ્રદર્શિત કરવામાં આવ્યું છે. ૧૮૦ કરોડનો ખર્ચ આ સુધારણા પર થશે જે ૨૪ મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. કચ્છના રણની થીમ ઉપર પુનઃનિર્માણ પછી આગમન-પ્રસ્થાનની અલગ વ્યવસ્થા, યાત્રી પ્લાઝા, પરિસરમાં ભીડ મુક્ત આવનજાવન પાર્કિંગ વ્યવસ્થા, દિવ્યાંગજનો માટે પૂરતી સુવિધાઓ, સોલાર પેનલ યુક્ત છત, ૧૩ લિફ્ટ, ૧૦ એક્સલેટર, સીસીટીવી, ચાર્જિંગ સ્ટેશન સહિતની સુવિધા વિકસાવવામાં આવશે.

● ભુજના ત્રિમંદિર પાસે આવેલી ઈન્ડિયન રેડ, ક્રોસ સોસાયટી કચ્છ જિલ્લા શાખા હમેંશા માનવ સેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને વર્ષોથી સાકાર કરી રહી છે. આ શાખાના માનવતાના કાર્યોની નોંધ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ લેતા અમદાવાદ ખાતે યોજાયેલ સમારોહમાં જીવન રક્ષક ગણાતી ફર્સ્ટ એડ ટ્રેનિંગમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની કચ્છ જિલ્લા શાખા ભુજનો સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર આવતા ભૂતપૂર્વ ચેરમેન ડૉ.ભાવેશ આચાર્ય, ઉપપ્રમુખ ધવલ આચાર્ય, સેક્રેટરી મીરાબેન સાવલિયાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)